# શૈક્ષણિક પ્રવાસ અહેવાલ

વિદ્યાર્થીજીવનમાં પ્રવાસનું ઘણું મહત્વ હોય છે. પ્રવાસ કરવાથી વિદ્યાર્થીઓમાં સંપ, સહકાર, સહનશીલતા અને સાહસિકતા જેવા ગુણોનો વિકાસ થાય છે. વિદ્યાર્થીઓમાં સૌંદર્યને નિહાળવાની દ્રષ્ટિ વિકસે છે અને નવું-નવું જાણવા અને જોવા મળે છે.

કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ દરમિયાન પણ સૌરાષ્ટ્ર (કાઠીયાવાડ) દ્વારકા થી લઇ ગઢડા, વિરપુર સુધીના લાંબા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર પ્રવાસમાં શાળાના શિક્ષક મિત્રો તેમજ ઉત્સાહી આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી પ્રવાસના સ્થળોની માહિતી આપી તૈયાર કર્યા હતા.

આ પ્રવાસમાં કુલ ૧૬૩ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

તા. ૧-૧-૨૦૨૪ને સોમવારના રોજ સંપૂર્ણ તૈયારી સાથે ૧૬૩ વિદ્યાર્થીઓ અને ૧૦ શિક્ષક મિત્રો તેમજ શાળાના આચાર્યશ્રી બધાએ ત્રણ લકઝરી બસો દ્વારા લુણાવાડાથી રાત્રે ૯-૦૦ કલાકે પ્રસ્થાન કર્યું હતું. તા. ૨-૧-૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૪-૩૦ કલાકે સાયલા પહોચ્યા હતા અને સાયલા ખાતે ફ્રેશ થઈ મંદિરના દર્શન કર્યા હતા. ત્યાર બાદ સવારે ૫-૩૦ કલાકે ચોટીલા પહોંચ્યા હતા. અને ત્યાં ચામુંડા માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સવારનો સમય હોવા છતાં આટલી થીજવતી ઠંડીમાં પણ ચોટીલા ડુંગર પર ચઢાણ કરતા ઠંડી નહી પણ ગરમી અનુભવાઈ હતી અને બધાને ખુબ આનંદ થયો હતો.

ચોટીલા-ચામુંડા માતાના દર્શન કરીને ચા-નાસ્તો કર્યા બાદ નવા રણુજા જવા માટે પ્રસ્થાન કર્યું હતું. નવા રણુજા પહોંચી દર્શન કર્યા બાદ ભોજન પણ લીધું હતું અને ત્યારબાદ સાંઝે ૬-૦૦ વાગ્યાની આસપાસ દ્વારકા ધર્મશાળામાં આવી પહોંચ્યા હતા. જ્યાં તમામ વિદ્યાર્થીઓ-છોકરા-છોકરીઓને અલગ-અલગ રહેવાની પૂર્વ આયોજન પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રવાસમાં મુશ્કેલીઓ તો રહેતી હોય છે.

તા. ૩-૧-૨૦૨૪ને બુધવારના વહેલી સવારે ૪-૦૦ કલાકે બધા વિદ્યાર્થીઓ સ્નાન કરી તૈયાર થઈને ચા પીધા બાદ દ્વારકાધીશના દર્શને જવા નિકળ્યા હતા. દ્વારકાધીશના દર્શન કર્યા બાદ પહેલી સવારે જ બેટ દ્વારકા જવા રવાના થયા હતા, સ્પષ્ટ અજવાળું થયું નહોતું ત્યા તો અમે બેટ-દ્વારકા પહોચ્યા અને ત્યાં માત્ર ૨૦ રૂપિયાની મારફતે દરિયાઈ સફર કરી ઋક્ષમણિ મંદિર પહોંચી દશૃન કર્યા હતા. દરિયામાં સફર કરવાનો દરેકને રોમાંચક અનુભવ થયો હતો. ત્યારબાદ અમે શિવરાજ બીચ પહોચ્યા હતા અને બીચ પર ખરેખર બધા વિદ્યાર્થીઓને ખુબ મજા આવી હતી. શિવરાજપુર બીચથી નાગેશ્વર પહોંચી નાગેશ્વરદાદાના દર્શન કર્યા અને ત્યારબાદ દ્વારાકા ખાતે ધર્મશાળામાં પરત ફરી બપોરના ૧-૦૦ કલાકે સ્વરૂચિ ભોજનનો આનંદ માણી ફરી હરિધ્ધિ માતાના દર્શને પહોંચ્યા હતા ત્યાંથી પોરબંધર પહોંચી ભારતમાતા મંદિરના દર્શન કરી સોમનાથ -ભોળાનાથ મહાદેવના દર્શને જવા પ્રસ્થાન કર્યું હતું.

સોમનાથ લગભગ રાત્રે ૯–00 વાગ્યાના આસ–પાસ પહોંચ રાત્રિના દસ વાગતા સુધીમાં ભોળાનાથના દર્શન કરી હળવું ભોજન લીધુ હતુ. ત્યારબાદ જુનાગઢ જવા પ્રસ્થાન કર્યું હતું. મોટી રાત્ર જુનાગઢ ખાતે ધર્મશાળા ખાતે પહોંચ્યા અને ત્યા બધાની રહેવાની સગવડ કરવામાં આવી હતી.

તા. ૪–૧–૨૦૨૪ને ગુરુવારના રોજ બધાની ઉઘ પુરી થઈ કે ન થઈ પણ બધાને કંકઇકને કંઇક નવું–નવું જોવ જાણવાનો ઉત્સાહ હોવાથી વહેલી સવારે જાગી તૈયાર થઇ સવારે ૬–૪૫ કલાક સુધીમાં ગિરનારના દર્શને જવા માટે રોપ–વે સ્ટેશન સુધી પહોંચી ગયા હતા, જ્યાં પૂર્વ આયોજન મુજબ માત્ર ૨૦–30 મિનિટમાં ટિકીટની વ્યવસ્થા થઇ જતા આઠ–આઠ ના ગ્રુપમાં બધા વિદ્યાર્થીઓ રોપ–વે ના માધ્યમથી ગિરનાર ચઢાણ કર્યુ હતુ. ખરેખર અમોને બધાને ખુબજ  મજા આવી હતી. કેટલાક વિદ્યાર્થીઓએ જીવનમાં પહેલીવાર રોપ–વે નો આનંદ માણ્યો હતો. ગિરનાર પરિક્રમા બાદ પરત ફરી સ્વરૂચિ ભોજન લીધુ હતુ અને ત્યાંથી લકઝરી બસો દ્વારા ઉપરકોટ– કિલ્લાને નિહાળ્યો હતો. રાજા શાહી વખતના બાંધકામ તેમજ તે સમયની રહેવાની વ્યવસ્થા જાણી વિદ્યાર્થીઓએ ખરેખર ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ રાફડબાગની મુલાકાતે ગયા હતા. બધા પ્રકારના પક્ષીઓ, પ્રાણીઓ તેમજ જળચર પ્રાણીઓ વિશે વિદ્યાર્થી અમને આચાર્યશ્રી તેમજ શિક્ષક–મિત્રો દ્વારા સમજાવવામાં આવ્યા હતા, માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ –કાગવડ– (ખોડલધામ) જવા માટે પ્રસ્થાન કર્યું હતું. કાગવડ ખાતે ખોડલધામના દર્શન કરી ત્યાંની કોતરણીકામ/નકશીકામ જોવા–જાણવાની તક મળી હતી ત્યાર બાદ સાંજે  વિરપુર–જલારામબાપાના દર્શને જવા પ્રસ્થાન કર્યું હતું. સાંજે વિરપુર ખાતે– જલારામબાપાના દર્શન કરી ત્યાંના ભોજન–રોટલી –શાક–ખીચડી કઢીનો બધાએ આનંદ માણ્યો હતો.  બધાનેત્યાં ખરીદી કરવાનો ૫ સમય મલ્યો હતો અને ખુબ મજા આવી હતી. વિરપુર ખાતે આયોધ્યા હોટલ ખાતે રાત્રિ–રોકાણની વ્યવસ્થા કરવામાં આવી હતી.

તા. ૫–૧–૨૦૨૪ને ગુરૂવારના રોજ વહેલી સવારે પાંચ–વાગ્યે તૈયાર થઇ ગરમા–ગરમ સેવ–ઉસળ ખાવાની /ચા લીધા બાધ ત્યાંથી ઘેલા સોમનાથ જવા પ્રસ્થાન કયું હતું ઘેલા સોમનાથના દર્શનકરી ગઢડા, સારંગપુર પહોંચ્યા હતા જ્યાં પહોંચતા મંદિર બંધ થઇ ગયું હતુ અને ૩–30 કલાકે ખોલવાનો સમય હતો,ત્યાં સુધીમાં બધા વિદ્યાર્થીઓએ બે કલાક સુધી ખરીદી કરી હતી. હનુમાનદાદાની સૌથી ઊંચી પ્રતિમા જોવાની પણ તક મળી હતી. તા. ૫–૧–૨૦૨૪ , શુક્રવારના સાંજના ૩–00 કલાક ભોજન લઇ હનુમાનદાદાના દર્શન કરવા બધા લાઇનમાં  ગોઠવાઇ ગયા હતા અને ૩–30 મંદિરના દરવાજા ખોલતા દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ  પરત ફરતા ગણપતપુરા ખાતે ભગવાન ગણપતિ દાદાના દર્શન કર્યા હતા. અને રાત્રે ૧૧–૨૦ કલાકે લુણાવાડા ખાતે પરત ફર્યા હતા.

આમ સદર લાંબા પ્રવાસ દરમિયાન થોડી ઉતાવળ કરવામાં આવી હતી પણ બધાજ નકકી કરેલા સ્થળો સુધી પહોંચવાની જાણવાની /જોવાની મજા આવી હતી. શાળાના શિક્ષકો તેમજ ઉત્સાહી આચાર્યશ્રી દ્વારા ખુબજ ઝીણવટ પૂવર્ક આયોજક કરી–લાંબો પ્રવાસને સફળ બનાવ્યો હતો.

# શૈક્ષણિક પ્રવાસ અહેવાલ

કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા દ્વારા તા. ૨૧–૧૧–૨૦૨૩ને ગુરૂવારના રોજ શાળાના વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકાર બાયોજીત  અમદાવાદના સાયન્સ સીટી ખાતે શૈક્ષણિક પ્રવાસનું આયોજક કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષક–મિત્રો તેમજ ઉત્સાહી આચાર્યશ્રી દ્વારા શાળામાંથી મા. વિભાગ અને ઉ.મા. વિભાગમાં કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં આવ્યા હતા.

તા. ૨૧–૧૧–૨૦૨૩ને ગુરૂવારના રોજ વહેલી સવારે ચાર લકઝરી બસો મારફત અમદાવાદ સાયન્સ સીટી ખાતે જવા પ્રસ્થાન કર્યુ હતું. લગભગ ૯–30 વાગ્યે બધાજ વિદ્યાર્થીઓ શિક્ષક–મિત્રો સાથે સાયન્સ સીટી ખાતે પહોંચ્યા હતા. સદર આયોજીત પ્રવાસ માટે અગાઉથી જ અમારી શાળાનું રજીસ્ટ્રેશન થઈ ગયેલું હતુ. જેથી અમોએ ફી ઓફ ચાર્યમાં ટિકીટો મેળવી સાયન્સ સીટી ને નિહાળવાની હતી. સૌ પ્રથમ અમો એકવેટીક ગેલેરીની મુલાકાત લીધી હતી. એકવેટીક ગેલેરીમાં વિશ્વજગતની માછલીઓ જોવાની તક મળી હતી. ત્યારબાદ અમે રોબોટ્કિસ ગેલેરીની મુલાકાત લીધી હતી ત્યારે ખરેખર આજે વિજ્ઞાન જગતમાં વિશ્વમાં રોબોટ દરેક ક્ષેત્રે આપણને કેવી રીતે મદદરૂપ થાય છે. તે બાબતની જાણકારી મેળવી વિદ્યાર્થીઓને રોમાંચક અનુભવ થયો હતો. તેમજ વૈશ્વિક ગ્લોબની મુલાકાત લીધી હતી.

શાળાના વિદ્યાર્થીઓ માટે સૌથી અગત્યની બાબત એ હતી કે સાયન્સ સીટી ખાતે  લાઇવમાં પ્રયોગો કરી–બતાવીને વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ જ્ઞાન પીરસવામાં આવ્યું હતું તેમજ ત્યાના પ્રયોગનિષ્ણાંત શ્રી ભટ્ટ સાહેબ દ્વારા ૪–૦૦ જેટલા પ્રયોગો અપલોડ કરવામાં આવ્યા છે તેની વિદ્યાર્થીઓને લીંક આપી જોવા માટે પણ સલાહ આપી હતી. બપોરે વિદ્યાર્થીઓને ત્યાંથી જમવા માટે–ફુડ પેકેટની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

અંતમાં સાયન્સ સીટી, અમદાવાદથી પરત કરતા બધા વિદ્યાર્થીઓએ અમદાવાદની પ્રખ્યાત / સારી રેસ્ટોરેન્ટમાં સ્વરૂચિ ભોજનનો આનંદ માણ્યો હતો અને રાત્રે ૧૦–૦૦ વાગ્યાની આસપાસ પરત ફર્યા હતા. શાળાના શિક્ષકો અને આચાર્યશ્રી દ્વારા આમ, આ રીતે સદર પ્રવાસને સફળ બનાવ્યો હતો.







